## જન્મદિને વધામણી



**ચિત્રસેન શાહ**
ફોન : ૨૩૨૬૦૫૮૨
મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧



**હસમુખ મેકવાન**
મો. ૯૪૨૬૫ ૭૮૩૨૬



**કે કે ચૌહાણ**
નિવૃત્ત નાયબ નિયામક
મો. ૯૯૭૪૬ ૮૯૧૯૪



**અભિષેક મેકવાન**
મો. ૮૪૬૦૭ ૭૦૦૨૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા ધરતી દિનની ઉજવણી કરાશે

## ‘પૃથ્વી માટે વૃક્ષો અમૂલ્ય’ વિષયે વિદ્યાર્થીઓ માટે બે વિભાગમાં ચિત્ર સ્પર્ધા યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૭

વિવિધ પર્યાવરણીય સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવા માટે નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા આગામી તારીખ ૨૨ એપ્રિલના રોજ ‘ધરતી દિન’ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં નિસર્ગ સાયન્સ સૅન્ટરના સંયોજક હાર્દિક મકવાણાએ જણાવ્યું છે કે વર્તમાન સમય અનેક વૈશ્વિક સમસ્યાઓથી ઘેરાયેલો છે. માનવી જેમ-જેમ વિકાસની કેડીએ આગળ વધતો જાય છે તેમ-તેમ પર્યાવરણીય સમસ્યાઓ ખતરો બનીને તેની સામે આવીને ઊભી છે. કુદરતના અણમોલ સર્જન સમી આ પૃથ્વી એકમાત્ર જીવંત ગ્રહ છે, જેના પર માનવીય હસ્તક્ષેપને કારણે હવા, પાણી, જમીનનું પ્રદૂષણ થયું છે. આ પ્રદૂષણને કારણે ગ્રીન હાઉસ અસર, ગ્લોબલ વૉર્મિંગ, ક્લાયમેટ ચૅન્જ, વધતી જતી ગરમી જેવી પર્યાવરણીય સમસ્યાઓ ઊભી થઈ છે.

આ સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવા તથા આપણા ઘર સમાન આ પૃથ્વી ગ્રહની જાળવણી માટે દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૨૨ એપ્રિલને ‘ધરતી દિન’ તરીકે ઉજવવામાં આવે છે.

નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા પણ આ ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વર્ષે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગર તથા નિસર્ગ સૅન્ટરના સંયુક્ત ઉપક્રમે ‘ચિત્ર સ્પર્ધા’નું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે ધરતી દિવસની ઉજવણી વિવિધ વિષય આધિન કરવામાં આવી છે. આ વખતનો વિષય છે : ‘ટ્રીઝ ફોર ધી અર્થ, લેટ્સ ગેટ પ્લાન્ટીંગ’ (પૃથ્વ માટે વૃક્ષો અમૂલ્ય, વૃક્ષારોપણ કરીએ અતુલ્ય). સમગ્ર વિશ્વમાં આ વિષય આધારિત જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

નિસર્ગ દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધા તા. ૨૨ એપ્રિલ ને શુક્રવારના રોજ સવારે ૯થી ૧૧ દરમ્યાન નિસર્ગ સાયન્સ સૅન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવશે. સ્પર્ધા માટે બે વિભાગો નિયત કરવામાં આવ્યા છે. પ્રથમ વિભાગમાં ધોરણ-પાંચથી સાતના વિદ્યાર્થીઓ અને બીજા વિભાગમાં ધોરણ-૮થી ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ચિત્ર સ્પર્ધાનો વિષય છે : ‘પૃથ્વી માટે વૃક્ષો અમૂલ્ય’ રાખવામાં આવ્યો છે.

બંને વિભાગમાં પ્રથમ વિજેતાને રૂા. ૫૦૦, દ્વિતિય વિજેતાને રૂા. ૩૦૦ અને તૃતિય વિજેતાને રૂા. ૨૦૦ રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનારા દરેક વિદ્યાર્થીને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે. ચિત્ર માટે જરૂરી કલર, કંપાસ બૉક્સ, પેડ વગેરે વિદ્યાર્થીએ લાવવાનાં રહેશે, નિસર્ગ દ્વારા ડ્રૉઈંગ શીટ વિદ્યાર્થીઓને અપાશે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા વૃધ્ધોને જીવનજરૂરી કિટનું વિતરણ કરાયું




શ્રી ગજાનન સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં મોડાસા તાલુકાના છાત્રેશ્વરી તથા વાંટડા ગામમાં ૮થી ૧૦ ઉપયોગી પદાર્થોની કિટનું વિતરણ વૃધ્ધોને કરવામાં આવ્યું હતું. તેલ, ચ્હા, ચોખા, મગ, અગરબત્તી, કોપરેલ, સાબુ વગેરે સમાવતી આ કિટ કુલ ૭૬ લાભાર્થીઓને આપવામાં આવી હતી. પદ્મજાબેન ઘાટે, શ્રુતિબેન, મિલિન્દભાઈ, કમલેશભાઈ આ સેવા પ્રવૃત્તિમાં જોડાયા હતા. મગનો સહયોગ મંડળ તરફથી પ્રાપ્ત થયો હતો. કિટ સાથે પ્રત્યેક વૃધ્ધાને ફૉલિક આયર્ન ટૉનિક પણ આપવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ફેન
૬.૧૫, ૯.૩૦
**સ્ક્રીન-૨**
ફેન
૧૨.૩૦, ૩.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ફેન
૨.૩૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી હિન્દી)
૧૨.૧૫, ૮.૦૦
જંગલ બૂક (૩ડી અંગ્રેજી)
૫.૪૫
**સ્ક્રીન-૪**
કિ ઍન્ડ કા
૭.૦૦
ફેન
૧૦.૦૦, ૧.૧૫, ૪.૧૫, ૯.૧૫
**સ્ક્રીન-૫**
ફેન
૧૧.૦૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૬**
ફેન
૮.૦૦
કિ ઍન્ડ કા
સવારે ૧૦.૦૦

# બ્યૂટી કંપની ઓરેન દ્વારા ગાંધીનગરમાં વિશ્વસ્તરીય ઈન્સ્ટીટ્યૂટનો પ્રારંભ



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૭

તીવ્ર ગતિથી આગળ વધી રહેલી બ્યૂટી કંપની ઓરેન ઈન્સ્ટીટ્યૂટ ઓફ બ્યૂટી તથા વૈલનૈસે આજે ગાંધીનગર ખાતે વિશ્વસ્તરીય ઈન્સ્ટીટ્યૂટની શરૂઆત કરી. દેશભરમાં ૬૦થી વધારે ઈન્સ્ટીટ્યૂટ ચલાવી રહેલ ઓરેનની ગુજરાતમાં આ ૭મી ઈન્સ્ટીટ્યૂટ છે.

દેશ તથા વિદેશમાં ખ્યાત બ્યૂટી નિષ્ણાતોની ખુબજ માંગ છે. હેર, બ્યૂટી, મેકઅપ તથા નેલઆર્ટ વગેરેનાં કોર્સ કરીને વિદ્યાર્થી દેશ તથા વિદેશમાં નામ કમાઈ રહ્યા છે. ઓરેનનાં વિદ્યાર્થી ૧૦,૦૦૦ થી ૧ લાખ રૂપિયા સુધી દર મહિને કમાઈ રહ્યાં છે. ઓરેન યૂ.કે ની સૌથી મોટી બ્યૂટી સંસ્થા સિબટેકથી માન્યતા પ્રાપ્ત છે. દુનિયા ભરમાં પ્રસિદ્ધ સિબટેક ૨૬ દેશોમાં પાછલા ૩૦ વર્ષોથી પોતાની પ્રમુખ સેવાઓમાં જાણીતી છે. ભારત સરકાર તરફથી ઓરેનને વોકેશનલ ટ્રેનિંગ પ્રોવાઈડર માટે માન્ય કરવામાં આવ્યાં છે. ઓરેનનો લક્ષ્યાક ૨૦૨૦ સુધી ૧ લાખ વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવવાનો છે.

ઓરેનનાં રીજનલ સર્વીસ પ્રોવાઈડર નિરદોશ ભસીનએ જણાવ્યું કે, ઓરેનથી બ્યૂટી શિક્ષાની ટ્રેનિંગ લઈને વિદ્યાર્થી કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈંગલેન્ડ, વગેરે દેશોમાં પોતાનું ભવિષ્ય બનાવી રહ્યા છે. ઘણાં વિદ્યાર્થીઓ બીજા દેશોમાંથી ભારતમાં ઓરેનનો કોર્સ કરવા માટે આવે છે કારણ કે તેમને અહીંયા તેમને વિશ્વસ્તરીય શિક્ષા મળે છે તથા ઓરેનની કોર્સ ફી બહારના દેશો કરતાં ખૂબ જ ઓછી છે. તેમણે જણાવ્યું કે અમારો ઉદ્દેશ્ય છે કે અમારા દ્વારા વિદ્યાર્થીઓને એક સારી શિક્ષા પ્રદાન કરવામાં આવે જે મેળવીને તે ભારત તથા બીજા અન્ય દેશોમાં કોઈ પણ જગ્યાએ પોતાનું ભવિષ્ય બનાવી શકે.

# ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ફી વધારાની મોસમ



ગાંધીનગર, તા. ૧૭

જાણીતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ફી વધારાની મોસમ જામી હોય એમ લાગે છે, અનેક સંસ્થાઓએ ફીમાં નાના-મોટાથી માંડીને જંગી વધારાની જાહેરાતો કરવા માંડી છે.

તાજેતરમાં દેશની ખ્યાત સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલૉજી દ્વારા ફીમાં બમણો વધારો કરાયો છે. એ સાથે જ ઈડીઆઈમાં પણ ફી વધારો કરવામાં આવ્યો છે. સેપ્ટમાં પણ ફી વધારાની દરખાસ્ત વિચારણા હેઠળ છે, એવા સમાચાર છે. માઈકા તેની ટ્યૂશન ફી નહીં પરંતુ હોસ્ટેલ ફી વધારી રહી છે એવુંય જાણવા મળ્યું છે.

આઈઆઈએમ-એના બે વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (પીજીપી) કોર્સની ફીમાં ૧એક લાખનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૬-૨૦૧૮ની બેચ માટેની ફી રૂા. ૧૮.૫૦ લાખથી વધીને રૂા. ૧૯.૫૦લાખ કરી દેવામાં આવી છે. આ અંગે આઈઆઈએમના ડિરેક્ટર પ્રોફેસર આશિષ નંદાએ જણાવ્યું હતું કે, અમારી જવાબદારી છે કે, અમારા પીજીપી અને એફએબીએમના કોર્સીસમાં પ્રવેશ મેળવવા સક્ષમ ઉમેદવારોને પ્રવેશ લેવામાં તેમની આર્થિક સ્થિતિ અવરોધરૂપ ના બને. તેથી આવા ઉમેદવારોને અમે યોગ્ય સ્કોલરશીપ મળી શકે તેવા પ્રયત્નો અમે કરી રહ્યા છીએ. વર્ષ ૨૦૧૬-૧૭ માટે પીજીપી અને એફએબીએમના ૨૫૧ વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. મતલબ કે કુલ વિદ્યાર્થીઓ પૈકીના આશરે ૨૯ ટકા વિદ્યાર્થીઓને આ સહાય મળી છે.

ઍન્ટરપ્રિનીયરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા - ઈડીઆઈના બિઝનેસ ઍન્ટરપ્રિનીયરશીપ મેનેજમેન્ટના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમામાં વર્ષ ૨૦૧૫-૨૦૧૭ની ફી રૂા. ૭,૩૭,૪૦૦ હતી. જે હવે વધારીને ૨૦૧૬-૧૮ માટે રૂા. ૭,૫૯,૦૦૦ કરી દેવાઈ છે. જોકે વિદ્યાર્થીઓ માટે વધુ વિકલ્પો ખોલવા માટે આર્કિટેક્ટ એન્ડ પ્લાન જેવા નવા કોર્ષ પણ શરૂ કરવામાં આવ્યા છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલૉજી - આઈઆઈટી, ગાંધીનગરમાં અન્ડર ગ્રેજ્યુએટ કોર્ષની ફી ૯૦ હજાર સુધીની હતી, જે હવે લગભગ બમણી કરીને બે લાખ સુધીની કરી દેવામાં આવી છે. સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ - સેપ્ટના ગત ફેબ્રુઆરી મહિનામાં યોજાયેલા કોન્વોકેશનમાં જ ડિરેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે યુનિવર્સિટી ગુજરાત સરકાર પાસેથી ફંડ લેવાનું બંધ કરીને સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટી બની રહી છે. આમ કરવાથી તેને સરકાર તરફથી મળતી ૧૨ ટકા ગ્રાન્ટ બંધ થાય તેમ છે. આ સંજોગોમાં સેપ્ટમાં ફી વધે તેવી સંભાવના છે. અલબત્ત બોર્ડ દ્વારા હજુ ફીનાં માળખા વિશે ચર્ચા થઈ નથી, એવાય સમાચાર મળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સેપ્ટમાં પણ તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય અપાય છે. વર્ષ ૨૦૧૪-૧૫માં આ આર્થિક સહાયનું બજેટ રૂા. ૮૫ લાખ હતું તે હવે વધારીને ૨.૨ કરોડ કરાયું છે. તે વખતે ૫૨૦ વિદ્યાર્થીને સહાયનો લાભ મળ્યો હતો પરંતુ હવે બજેટ વધતાં ૭૩૦ વિદ્યાર્થીને સહાયનો લાભ મળી શકે છે. વધુમાં એક ખાસ પ્રેસિડેન્ટ સ્કોલરશીપ સ્કીમ શરૂ કરવામાં આવી છે જેના હેઠળ ૧૫ તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્યૂશન ફીમાં ૫૦ ટકા જેટલી માફી આપવામાં આવે છે.

# સમગ્ર ગાંધીયુગમાં આંબેડકર સૌથી વધુ શિક્ષિત વ્યક્તિ હતા

## ડૉ. આંબેડકર ઓપન યુનિ. ખાતે ગુણવંત શાહનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૭

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે તાજેતરમાં યોજાયેલા રાષ્ટ્રીય પરિસંવાદમાં ડૉ. ગુણવંત શાહે બાબાસાહેબ આંબેડકરના સંવિધાનિક નૈતિકતાના મહત્ત્વ વિશે વિગતે વાત કરી.

આ પરિસંવાદમાં હાર્દરૂપ વક્તવ્ય આપતાં જાણીતા લેખકે જણાવ્યું હતું કે ‘જે સંવિધાનિક નૈતિકતાને ન સમજી શકે તે આંબેડકરને ન સમજી શકે. તેમના માટે સંવિધાનિક નૈતિકતા એક લિટમસ ટેસ્ટ હતો. આજે જો ડૉ. આંબેડકર હોત તો તેઓ જેએનયુ મુદ્દાનો વિરોધ કરતા હોત. જો માયાવતી પણ સંવિધાનિક નૈતિકતા તોડે તો આંબેડકર તેનો વિરોધ કરે. આજે સંવિધાનિક નૈતિકતાનો ભંગ કરવો એ ફેશન બની ગઈ છે... સમગ્ર ગાંધીયુગમાં આંબેડકર એ સૌથી વધુ શિક્ષિત વ્યક્તિ હતા. તેમના જેટલી પદવી નેહરુ પાસે નહોતી, સરદાર પાસે નહોતી અને ગાંધી પાસે તો હતી જ નહિ. સૌથી અગત્યની વાત કે, તેમનું કોઈ પણ વ્યક્તિત્વ છીછરું નહોતું.

આ પ્રસંગે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પંકજ જાની, લેખક કિશોર મકવાણા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર સહિત યુનિવર્સિટીના ઍકેડેમિક નિયામક ડૉ. રવિ ગોર સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં.

# જે લોકોને કામ પર જવાને બદલે પથારીમાં જ પડ્યું રહેવું ગમતું હશે તેમને પણ હવે નોકરીની તક છે

## વાયબ્રન્ટ હાસ્ય

કોઈપણ શબ્દની આગળ ‘વાયબ્રન્ટ’ શબ્દ લગાવી દો એટલે લોકલ ટ્રેઈન પણ માંડે દોડવા - બૂલેટ ટ્રેઈનની માફક ! એટલે આજે અમે આ લેખનો શીર્ષક આપ્યું છે ‘વાયબ્રન્ટ હાસ્ય’. (લેખ વાંચ્યા પછી વાચકોને ભલેને દિવેલ પીધા જેવું લાગે !) હમણાં ગૃહિમીઓની અનાજ, મસાલા વિ. ભરવાની સીઝન ચાલે છે તથી ઘરમાં ઘઉં, દાળ, ચોખા, દિવેલ વિ. શબ્દો કાને અથડાયા કરે છે તેથી અહીં પણ દિવેલ શબ્દ વપરાઈ ગયો છે. પત્નીને પણ લાગવું જોઈએને કે સાહિત્ય સર્જનમાં તેમનો પણ હાથ છે ! અનાજ-મસાલા ભરવાની સીઝનમાં ગૃહિણીઓ એટલી ઓતપ્રોત હોય છે કે આપણે તેમને ‘કિ ઍન્ડ કા’ જેવી સુંદર મૂવી જોવા જવાનું કહીએ તો પણ ના પાડી દે છે. અમારા મિત્ર એમ કહે છે કે કેટલીક મહિલાઓ ‘કિ ઍન્ડ કા’ને ‘કાકી અને કાકા’નું શૉર્ટ ફૉર્મ સમજેલી, તેથી તેમને થયેલું ‘કાકી અને કાકા’માં શું જોવાનું !

આ લેખની શરૂઆતમાં બૂલેટ ટ્રેઈન શબ્દો લખ્યા છે તે પરથી થોડાં વર્ષો પહેલાંની વાત યાદ આવે છે કે જ્યારે પ્રથમ ફેઈઝમાં જ ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની બૂલેટ ટ્રેઈનની વાત હતી. ત્યારે તે રૂટ પ્રમાણે ટ્રેઈન અમારા ઘર પાસેથી પસાર થઈ અક્ષરધામ જવાની હતી. તે જાણીને અમારા પત્નીના સખીમંડળની બહેનોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. તેમની વચ્ચે થતી વાતચીત એકવાર અમારા કાને અથડાઈ હતી કે ‘આપણે હવે તો શાક લેવા પણ બૂલેટ ટ્રેઈનમાં જ જશું !’

હવે મૂળ વાત આગળ વધારીએ તો અનાજ, મસાલા વિ.ના આસમાને પહોંચેલા ભાવોથી સામાન્ય ગૃહિણીઓને પ્યાજ સુધાર્યા વગર જ આંખે પાણી આવે છે !

જીડીપી ગ્રોથ ગમે તેટલો વધે, મોંઘવારીનો આંક ગમે તેટલો ઘટે કે આર્થિક સુધારા ગમે તેટલા થાય પરંતુ આવા બધા ‘માપદંડો’ એસી ચૅમ્બરમાં બેઠેલાઓ દ્વારા બનાવાયેલા હોય છે કે જેને માર્કેટમાં મળતી વસ્તુના ભાવ સાથે ન્હાવા-નિચોવાનોય સંબંધ નથી હોતો. પરિણામે ગૃહિણીઓના બજેટ પર બુલડોઝર ફરતું રહે છે. એક મહિલા સંસ્થાએ તો સેમિનાર ગોઠવ્યો છે જેનો




વિષય છે : ‘બૂરે દિન ક્યારે જશે ?’

બાકી અત્યારે તો હાફિઝ સૈયદના રાજમાં પાકિસ્તાનના ‘અચ્છે દિન’ ચાલી રહ્યા છે. એ લોકો તો જ્યારે અને જેટલી વાર આતંકવાદ અંગેના પુરાવા માગે છે તે આપણે આપ્યા જ કરીએ છીએ અને તેમ છતાં પુરાવા પર નજર નાખ્યા સિવાય જ એ લોકોનો જવાબ તૈયાર જ હોય છે કે ‘આ પુરાવા પૂરતા નથી, બીજા વધારે મોકલો.’ અને આપણા સુષ્મા સ્વરાજ અનાજ-મસાલા ભરવાની સીઝનમાં નવા પુરાવા ભરવાના કામે લાગી જાય છે.

કૂતરાની પૂંછડી તો કદાચ સીધી થઈ શકે પરંતુ પાકિસ્તાનની તો હરગીઝ નહીં. મલ્ટી મીડિયા દ્વારા આ બધું જોઈને-વાંચીને અને સાંભળીને કોઈનું પણ (‘ભારત માતા કી જય’ બોલી શકે તેનું, ઓવૈસી જેવાનું નહીં) લોહી ઉકળી ઉઠે. હવે આવી વ્યક્તિ બ્લડ ડોનેટ કરવા જાય ત્યારે બ્લડ કેમ્પના આયોજકો આવું લોહી સ્વીકારવાની સ્વાભાવિકપણે જ ના પાડે. એ લોકોનું માનવું છે કે આવા ઉકળેલા લોહીમાં લોહીના આવશ્યક ઘટકોની કમી હોય છે ! જેમકે શ્વેત કણો (વ્હાઈટ બ્લડ સૅલ) કે જે શરીરની રક્ષા કરનાર સૈનિકો હોય છે તે ઉકળેલા લોહીમાં શહીદ થઈ ગયા હોય છે. આમ પાકિસ્તાનવાળા કે અવળચંડા લોકો સરહદ પર આપણા લોકોને શહીદ બનાવે છે અને આપણા નાગરિકોના શરીરમાં શરીરના રક્ષકોને શહીદ બનાવે છે.

ભુટ્ટો આપણી સાથે ૧ હજાર વર્ષ સુધી લડવાની વાત કરતા હતા તે હજુ ક્યાં પુરા થયા છે ! એટલે આ લડાઈ તો હજુ લાંબી ચાલશે.

તેથી આવી લોહી ઉકાળાવાળી વાત અહીં જ પુરી કરીને ચાલો આપણે હવે હળવાશભર્યો હાઈવે પકડીએ....

હળવાશભર્યા હાઈવે પર અમને એક હૉર્ડિંગ જોવા મળ્યું જે વાંચીને અમારી ઊંઘ ઊડી ગઈ.

હૉર્ડિંગ પર લખ્યું હતું -

જે લોકોને કામ પર જવાને બદલે પથારીમાં જ પડ્યું રહેવું ગમતું હશે તેમને પણ હવે નોકરીની તક છે. આ નોકરીમાં વ્યક્તિએ માત્ર અલગ અલગ પોઝીશનમાં સૂઈને માત્ર એટલું જ દર્શાવવાનું રહેશે કે આ કંપનીના મેટ્રેસ પર ઊંઘવાથી કેવી સરસ ‘કુંભકર્ણ બ્રાન્ડ’ ઊંઘ આવી શકે છે !

ધગધગતો ઉનાળો તો ચપટી વગાડતાં પાસ થઈ જશે અને જાગશો ત્યારે થશે કે ‘ચોમાસું ક્યાંક આસપાસ છે !’

નવી મુંબઈથી લોનાવલા જતાં આવા રસપ્રદ હૉર્ડિંગ તો અમને જગ્યાએ જગ્યાએ જોવા મળ્યાં !

એક હૉર્ડિંગ પર લખ્યું હતું : ‘લોંગ ડ્રાઈવ પર નીકળ્યા છો ? તો ‘વૅક્સ મ્યુઝિયમ’ જવાનો શૉર્ટ કટ તમારી ડાબી બાજુએ છે !’

- ચિત્રસેન શાહ

# મહાકાવ્ય સાવિત્રી પર ડૉ. અશ્વિન કાપડિયાનું સાપ્તાહિક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૭

મહર્ષિ શ્રી અરવિંદ રચિત વિશ્વ પ્રસિદ્ધ મહાકાવ્ય ‘સાવિત્રી’ પર ડૉ. અશ્વિન કાપડિયાનું વ્યાખ્યાન અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે.

એચ કે કોલેજ કેમ્પસ ખાતે આજથી આ વ્યાખ્યાનનો આરંભ કરવામાં આવ્યો છે, જે ૨૪ એપ્રિલ સુધી ચાલશે. રાત્રે ૮.૧૫ થી ૧૦.૧૫ કલાક દરમ્યાન આ પ્રવચન યોજવામાં આવશે.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ ઉપકુલપતિ ડૉ. અશ્વિનભાઈ કાપડિયા મહર્ષિ શ્રી અરવિંદ અને પૂજ્ય માતાજીના પ્રખર સાધક છે અને ‘સાવિત્રી’ના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા છે. ડૉ. કાપડિયાનો સાવિત્રી મહાકાવ્ય પરનો આ ૪૨૪મો સાવિત્રી જ્ઞાનયજ્ઞ છે.